# આજે માર્કેટલક્ષી પગલાંઓની જાહેરાત થવાની શક્યતા

નવી દિલ્હી, તા.૫

યુપીએ સરકાર સુધારા પગલાં જાહેર કરવામાં ઝડપથી આગળ વધી રહી છે. નાણાંમંત્રી પી. ચિદમ્બરમ્ અને માર્કેટ રેગ્યુલેટર સેબી આવતીકાલે શનિવારે વધુ કેટલાક માર્કેટ લક્ષી પગલાંઓની જાહેરાત કરે તેવી શક્યતાઓ છે. આ માર્કેટલક્ષી પગલાંઓના કારણે શેરબજારમાં તીવ્ર તેજી નોંધાવાના સંકેત દેખાઈ રહ્યા છે. રોકાણકારો આવતીકાલે જાહેર થનાર પગલાં પહેલાં અટકળોમાં વ્યસ્ત બનેલા છે. ચિદમ્બરમ્ સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ના બોર્ડને સંબોધન કરશે. બોર્ડ સરકારી સિક્યુરિટી, એફડી અને બેંક ગેરેટી જેવા ઈન્સ્ટુમેન્ટને કોલાટેલર તરીકે સ્વીકારવા એફઆઈઆરની માંગણી સ્વીકારે તેવી શક્યતા દેખાઈ રહી છે. સમગ્ર પરિસ્થિતિ પર નજર રાખી રહેલા જાણકાર નિષ્ણાંતોએ કહ્યું છે કે સેબી બોર્ડ ટ્રાન્જેક્શન ખર્ચને ઘટાડવા, વિદેશી સંસ્થાકીય મૂડીરોકાણકારોના નિયમોને હળવા કરવા અને અન્ય બાજાર લક્ષી પગલાંઓની જાહેરાત કરે તેવી શક્યતા દેખાઈ રહી છે.



બોર્ડની બેઠક શનિવારે મળશે જેમાં સરકારી સિક્યુરિટી, ફિક્સ ડિપોઝીટ, બેંક ગેરેંટી અને મ્યુચ્યુઅલ ફંડને કોલેટેરલ તરીકે ગણવા એફઆઈઆરની માંગણી ઉપર વિચારણા કરી શકે છે. વિદેશી રોકાણકારોને હજુ સુધી આવા ઈન્સ્યુમેન્ટનો ઉપયોગ તેમના કારોબારના વેલ્યુ માટે કોલેટેલર તરીકે કરવાની મંજૂરી અપાઈ નથી. અન્ય બાબતોની સાથે સાથે બોર્ડ કારોબારીના માલોને સુધારવાના પગલાં ઉપર વિચારણા કરશે. સેબી આઈપીઓની સમય મર્યાદા ૧૨ દિવસથી ઘટાડીને સાત દિવસ કરવાની મહેતલ ઉપર પણ ચર્ચા કરી શકે છે. ઉપરાંત આઈપીઓની પરિસ્થિતિ ઉપર પણ ચર્ચા થશે. સેબી ટ્રાન્જેક્શન ખર્ચને ઘટાડવા જેવા માર્કેટ લક્ષી પગલાં લઈ શકે છે. સાથે સાથે મધ્યસ્થીઓને કાયમી લાઈસન્સની બાબતને તર્ક સંગત બનાવવામાં આવી શકે છે. બેઠકમાં સેબીના અધ્યક્ષ યુ કે સિંહા નાણાંમંત્રીને સિક્યુરિટી માર્કેટની સ્થિતિ તથા સેબી દ્વારા હાલમાં લેવામાં આવેલા પગલાંઓને માહિતી આપશે.

## સમાચાર ઝલક

- કાવેરી પ્રશ્ને પાણીની વહેંચણી મુદ્દે આંદોલનમાં ઉગ્રતા અને રોષ.
- રાજકોટમાં કોલેજ પાસે વિદ્યાર્થીઓની જૂથ અથડામણ, સ્કૂટરો, બાઇકો સળગાવ્યા.
- શાસ્ત્રીનગરથી ગુમ થયેલ ૨૫ કિલો સોનામાંથી ૨૩ કિલો સોનું મળી આવ્યું.
- મોરબીના સિરામીક ઉધોગપતિની હજુ કોઇ માહિતી મળી નથી, કુટુંબીજનો ચિંતિત.
- પૃથ્વી-૨ મિસાઇલનું સફળ પરિક્ષણ કરાયું.
- ડેન્ગ્યુની ઝપટમાં મુંબઇ શહેર.
- દિલ્હીમાં એક જ કુટુંબના પાંચ વ્યક્તિઓને ફાંસીની સજા.
- છત્તીસગઢમાં એન્જીનીયરને ત્યાં સી.બી.આઇ.નો દરોડો, કરોડો રૂપિયા પકડાયા.
- મુંબઇમાં કુટણખાણામાં એકી સાથે ૩૦૦ મહિલાઓ ઝડપાઇ.
- ભાજપનાં અગ્રણી રાજનાથસિંહના વિમાનને ફરજિયાત ઉતરાણ કરવું પડ્યું.
- ચૂંટણીપંચની ૫૮ ટીમો અમદાવાદમાં.
- અમેરિકામાં ૬ઠ્ઠી નવેમ્બરે પ્રમુખની ચૂંટણી થશે.

## ટાટ્રા કેસમાં રિષીની વિરુદ્ધ ટૂંકમાં ચાર્જશીટ દાખલ થશે

નવી દિલ્હી, તા.૫

ભારે ચર્ચા જગાવનાર અને સેનાની પ્રતિષ્ઠા સામે પ્રશ્નો ઉઠાવનાર ટાટ્રા કૌભાંડમાં સીબીઆઈ રવિ રિષી અને અન્યો સામે ચાર્જશીટ દાખલ કરવા કમર કસી ચૂકી છે. ટૂંક સમયમાં જ ચાર્જશીટ દાખલ કરવામાં આવશે. સેનાના ભૂતપૂર્વ વડા વી કે સિંહને લાંચની ઓફરના સંબંધમાં તપાસનો દોર ઝડપથી આગળ વધી રહ્યો છે. ટાટ્રા કૌભાંડમાં તપાસ પરિપૂર્ણ થઈ ચૂકી છે. સીબીઆઈ હવે કાયદાકીય વિભાગના જવાબની રાહ જોઈ રહી છે. બીઈએમએલના ભૂતપૂર્વ વડા એસ નટરાજન દ્વારા આપવામાં આવેલી માહિતી અંગે કાયદાકીય વિભાગના જવાબની રાહ જોવાઈ રહી છે. નટરાજને હાલમાં જ દાવો કર્યો હતો કે લાઈસન્સ સમજૂતીના કારણે ટાટ્રા ટ્રકના સ્વદેશી કરણના મામલે ઝડપથી આગળ વધી શક્યા ન હતા. ૧૯૯૭માં થયેલો કરાર પણ ટેકનોલોજી ટ્રાન્સફર ઉપર આધારિત હતો. ચેક ગણરાજ્ય અને સ્લોવાકિયા તરફથી જવાબ વગર ટાટ્રા કેસમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવશે. સીબીઆઈ તપાસમાં જાણવા મળ્યું છે કે ટેકનોલોજી ટ્રાન્સફર બીઈએમએલ અને ચેક કંપની વચ્ચે ૧૯૯૭માં થયેલી સમજૂતી ઉપર આધારિત છે. બીઈએમએલએ વર્ષ ૨૦૦૩માં ટાટ્રા સિફોક્સ સાથે નવેસરથી કરાર કર્યો હતો. ટાટ્રા સિફોક્સ રવિન્દ્ર રિષીની કંપની છે.

## ડિસેમ્બરમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણીમાં સતત ત્રીજી વખત મુખ્યમંત્રી મોદીના નેતૃત્વ હેઠળ ભાજપ જીત મેળવશે : ઠાકરે

મુંબઈ, તા. ૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની જાહેરાત થતાંની સાથે જ રાષ્ટ્રીય સ્તરના નેતાઓ પણ હવે સક્રિય બની ગયા છે. શિવસેના સુપ્રીમો બાલ ઠાકરેએ આજે કહ્યું હતું કે, આગામી ડિસેમ્બરમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણીમાં સતત ત્રીજી વખત મુખ્યમંત્રી મોદીના નેતૃત્વ હેઠળ ભાજપ જીત મેળવશે.ગુજરાતના મુખ્યપ્રધાનને હેટ્રીક કરવાથી કોઈ રોકી શકશે નહી. શિવસેનાના મુખપત્ર 'સામના'માં તંત્રીલેખમાં બાલઠાકરેએ કહ્યું હતું કે, દિનપ્રતિદિન ગુજરાતમાં મોદીની પકડ વધુ મજબૂત બનતી જાય છે. તેઓને જીતની 'હેટ્રીક' કરતાં કોઈ રોકી નહીં શકે. ઠાકરેએ કહ્યું હતું કે, મોદીના નેતૃત્વ હેઠળ છેલ્લા ૧૦ વર્ષમાં ગુજરાતમાં વિકાસનો સમગર પથ તૈયાર થઈ ચૂક્યો છે. તેથી કોઈપણ માટે મોદીની વિજયયાત્રાને અટકાવી સરળ નહીં હોય. ઠાકરેએ કહ્યું હતું કે ટીવી ચેનલોમાં આવે છે કે મોદીએ દેશના તમામ મુસ્લિમોની પ્રશંસા કરી છે તે ખોટું છે. ગુજરાતના રમખાણો બાદ કોંગ્રેસે મોદી પર 'મોતના સોદાગર'નું લેબલ લગાડ્યું હતું. પરંતુ તમે જુઓ તેનું શું પરિણામ આવ્યું.



કોંગ્રેસ માત્ર ૫૫ બેઠકો જ જીતી શક્યું ત્યાર મોદીના નેતૃત્વ હેઠળ ભાજપે ૧૨૧ બેઠકો જીતી. ઠાકરેએ ભારપૂર્વક કહ્યું હતું કે, ગુજરાતમાં ચૂંટણી જાહેર થઈ તે દિવસે સોનિયા ગાંધી રાજ્યમાં સભાસંબોધી હતી. તેમણે એક પણ વખત સંબોધનમાં મોદીનું નામ લીધું ન હતું. તે દર્શાવે છે કે ચૂંટણી પ્રચાર શરૂ થયો તે પહેલાં જ કોંગ્રેસે હાર સ્વીકારી લીધી છે. પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ દ્વારા બનાવવામાં આવેલા નવા પક્ષના મુદ્દે ઠાકરેએ કહ્યું હતું કે, કોંગ્રેસ એમ સમજી રહી છે કે સૌરાષ્ટ્રમાં પટેલ સમુદાયનું પ્રભુત્વ છે. હિંદુ મતોમાં વિભાજન થવાથી તેને ફાયદો થશે. આ કંઈ નહીં હોય પરંતુ દીવાસ્વપ્ર છે. બાલ ઠાકરેની આજની પ્રતિક્રિયાના સંબંધમાં કોંગ્રેસે હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી. બાલ ઠાકરેએ તેમના નિવેદનમાં નરેન્દ્ર મોદીની ભારે પ્રશંસા કરી હતી અને કહ્યું હતું કે તેમના નેતૃત્વમાં ગુજરાતે તમામ ક્ષેત્રોમાં ઉલ્લેખનીય પ્રગતિ કરી છે

## બ્રાર પર હુમલાના સંબંધમાં બ્રિટનમાં ૪ની અટકાયત થઈ

લંડન, તા.૫

ઓપરેશન બ્લુ સ્ટારનું નેતૃત્વ કરનાર નિવૃત્ત લેફ્ટી. જનરલ કે એસ બ્રાર પર થયેલા હુમલાના સંબંધમા ચાર લોકોની ધરપકડ કરી હોવાનો દાવો બ્રિટિશ પોલીસ દ્વારા કરવામાં આવ્યો છે. પોલીસે માહિતી આપતા કહ્યું છે કે ધરપકડ કરવામાં આવેલા ચારે લોકોની આકરી પૂછપરછ હાથ ધરવામાં આવી છે. લંડનથી આશરે ૨૫૦ કિલોમીટરના અંતરે સ્થિત વેસ્ટ મીડલેન્ડ વિસ્તારમાં ત્રણ પુરુષો અને એક મહિલાની ધરપકડ કરી લેવામાં આવી છે. બ્રાર ઉપર હુમલો રવિવારના દિવસે લંડનમાં કરવામાં આવ્યો હતો. એક ખાનગી પ્રવાસ ઉપર બ્રાર લંડન પહોંચ્યા હતા. આ હુમલા પાછળ ખાલીસ્તાનના કટ્ટરપંથીઓનો હાથ હોવાનું માનવામાં આવે છે. હાલમાં બ્રારે માહિતી આપતા કહ્યું હતું કે તેઓ શીખ કટ્ટરપંથીઓ અને ખાલિસ્તાનના સમર્થકોના ટાર્ગેટ ઉપર રહ્યા છે. નવેસરથી હુમલો તેમની હત્યા કરવાનો પ્રયાસ હતો. બ્રારે દાવો કર્યો હતો કે હુમલાખોરો શીખ સમુદાયના લોકો હતા. લેફ્ટી. જનરલ કુલદીપસિંહ બ્રાર અમૃતસરના સુવર્ણ મંદિરમાં વર્ષ ૧૯૮૪માં થયેલી લશ્કરી કાર્યવાહીનું નેતૃત્વ કરી રહ્યા હતા. સુવર્ણ મંદિરમાં છૂપાયેલા આતંકવાદીઓને ખદેડી મૂકવા માટે આ ઓપરેશન હાથ ધરાયું હતું. ભારતીય સેના શીખ સમુદાયના સૌથી પવિત્ર ગણાતા સુવર્ણ મંદિરમાં પ્રવેશકરી ગઈ હતી. આ કાર્યવાહીમાં સૈકડો લોકોના મોત થયા હતા. મૃત્યુ પામનારમાં જરનેલસિંહ ભીન્ડરાવાલા પણ હતા. જેના નેતૃત્વમાં કટ્ટરપંથી શીખ સમુદાયના લોકો અલગ ખાલિસ્તાન રાજ્યની માંગ કરી રહ્યા હતા. ઓપરેશન બ્લુ સ્ટારમાં આશરે ૩૦ વર્ષ થઈ ચૂક્યા છે. પરંતુ બ્રારને હજુ પણ ભારતમાં ઝેડ કક્ષાની સુરક્ષા આપવામાં આવી છે. વિદેશમાં હોય છે ત્યારે તેમની પાસે સુરક્ષા જવાનો હોતા નથી. બ્રિટિશ પોલીસ બ્રાર મામલામાં તપાસ કરી રહી છે પરંતુ ઝડપાયેલા ચાર શખ્સોની નાગરિકતા અને તેમના અંગે અન્ય માહિતી પૂરી પાડી નથી. ભારત સરકાર માહિતી મેળવવા પ્રયત્નશીલ છે.

## કોલસા કૌભાંડમાં વધુ પાંચ એફઆઈઆર ટૂંકમાં દાખલ

નવી દિલ્હી, તા.૫

કોલસા કૌભાંડમાં સરકારની તકલીફ ઓછી થઈ રહી નથી. એકબાજુ મનમોહનસિંહ સરકાર ભ્રષ્ટાચારના કારણે પ્રતિષ્ઠા ગુમાવી રહી છે ત્યારે બીજી બાજુ સીબીઆઈ કોલસા કૌભાંડમાં અતિ ઝડપથી આગળ વધી રહી છે. મળેલી માહિતી મુજબ સીબીઆઈએ સમગ્ર દેશને મચમચાવી મૂકનાર કોલસા કૌભાંડમાં વધુ પાંચ એફઆઈઆર દાખલ કરવા માટેની તૈયારી કરી દીધી છે. મળેલી માહિતી મુજબ કોલસા, પાવર અને સ્ટીલ મંત્રાલયોના ઘણા અધિકારીઓની છેલ્લા ૧૦ દિવસમાં આકરી પૂછપરછ કરવામાં આવી છે. એફઆઈઆરનો નવો સેટ ૧૦ દિવસમાં જ તૈયાર થઈ જશે. પાંચ વધુ એફઆઈઆર ટૂંક સમયમાં જ દાખલ કરાશે. સીબીઆઈ રાજ્ય સરકારના પીએસયુ અને તેમના સંયુક્ત સાહસમાં ચકાસણી કરી રહી છે. મેન પાવરની તકલીફના કારણે સીબીઆઈએ હવે તપાસમાં મદદ કરવા માટે એજન્સીના સેલમાં બેંક સિક્યુરિટી અને અન્ય કર્મચારીઓની મદદ લીધી છે. દરમિયાન રાજ્ય સરકારના પીઈની પણ તપાસ થઈ રહી છે. પીએસયુ અને સીબીઆઈના અધિકારીઓએ કહ્યું છે કે તેઓ રાજ્ય સરકારને પત્ર લખીને તેમના વિસ્તારમાં કોલસા બ્લોક ફાળવણી સાથે સંબંધિત દસ્તાવેજો ઉપલબ્ધ કરાવવા અપીલ કરી છે. સૂત્રોનું કહેવું છે કે સૌથી પહેલા પીએસયુ અને તેમના સંયુક્ત સાહસની કંપનીઓમાં તપાસ કરાશે. કોલસા મંત્રાલયના દસ્તાવેજોની ચકાસણી મારફતે આ પ્રક્રિયા આગળ વધશે. જો કોઈ ખામી દર્શાશે તો રાજ્ય સરકારને પત્ર લખી અથવા તો સંબંધિત સત્તાવારાઓની મંજૂરી લઈને તપાસ આગળ વધારવામાં આવશે. સીબીઆઈ કોલસા કાંડમાં ઘણી ચોંકાવનારી જાહેરાતો કરી ચૂકી છે. સીબીઆઈ અધિકારીએ કહ્યું છે કે અમારી કોલસા કાંડમાં તપાસ સર્વગ્રાહી રહી છે. ત્રણ પીઈની નોંધણી કર્યાબાદ હવે વર્ષ ૧૯૯૩થી વર્ષ ૨૦૦૯ વચ્ચેના ગાળામાં કોલસા બ્લોકની ફાળવણીમાં તપાસ કરી રહ્યા છીએ.

## સલામતી મામલે કિંગફિશરને ખાતરી આપવી પડશે : અજિત

નવી દિલ્હી,તા. ૫

કેન્દ્રિય નાગરિક ઉડ્ડયન પ્રધાન અજિતસિંહે આજે કહ્યું હતું કે કટોકટીનો સામનો કરી રહેલી કિંગફિશર એરલાઈન્સને પોતાની ઉડાણો ફરી શરૂ કરતા પહેલા કેટલીક નક્કર ખાતરી ડીજીસીએને આપવલી પડશે. સુરક્ષાના પાસે કોઈ બાંધછોડ કરવાનો તેમણે ઈન્કાર કર્યો હતો. પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે આમાં અનેક બાબતો સામેલ છે. જેમાં કર્મચારીઓના પગાર અને સુરક્ષાના પાસા સામેલ છે. અજિતસિંહે કહ્યું હતું કે ઉડાણ પહેલા પહેલા કિંગફિશરને તમામ પાસાઓ પર ડીજીસીએ સંતુષ્ટ થાય તેની ખાતરી કરવી પડશે. કિંગફિશર માત્ર દેવાની કટોકટીમાં જ નથી બલ્કે કર્મચારીઓના પગાર અને પાઈલોટોના પગારને લઈને પણ તે કટોકટીમાં છે. અજિતસિંહે કહ્યું હતું કે કિંગફિશરના પાઈલોટો પહેલા હડાતળ પાડી રહ્યા હતા પરંતુ હવે જાળવણીની જવાબદારી સંભાળી રહેલા એન્જિનિયરો પણ હડતાળ પર જતા રહ્યા છે જેથી આ પણ એક મોટી સમસ્યા ઉભી થઈ છે. અજિતસિંહે કહ્યું હતું કે અનેક કંપનીઓ ફલોપ રહી છે. આમાંથી અનેક કંપનીઓ સફળ રીતે પાછી પણ ઉભરી છે. જો કોઈ કંપનીને છેલ્લા પાંચ વર્ષથી નુકસાન થઈ રહ્યું છે તો આનો મતલબ એ નથી કે તે ફરી નફામાં ન આવી શકે.

## ડીએ પ્રકરણમાં માયાવતી વિરુદ્ધ નવેસરથી ચકાસણી

નવી દિલ્હી,તા.૫

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રીમ કોર્ટ ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી માયાવતી સામેના અપ્રમાણ સંપત્તિ કેસમાં નવેસરથી તપાસ કરે તેવી શક્યતા છે. સુપ્રીમ કોર્ટે આવકના જાણીતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ ભેગી કરવાના ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી માયાવતી સામે આક્ષેપો કરતી સીબીઆઈની એફઆઈઆરને રદ કરવાના તેના છઠ્ઠી જુલાઈના ચુકાદાની સમીક્ષા કરવા હિલચાલ હાથ ધરી છે.



આ અરજી પર ખુલી કોર્ટમાં સુનાવણી ચલાવવામાં આવશે જેથી રાજકીય રીતે ખૂબ જ સંવેદનશીલ કેસમાં નવી રાજકીય ગણતરી શરૂ થવાની શક્યતા છે. જસ્ટિસ પી સથાશિવમ અને દિપક મિશ્રાની બનેલી બેંચે આપેલો ચુકાદો મહત્વપૂર્ણ છે. મોટાભાગની આ પ્રકારની અરજીઓ ફગાવી દેવામાં આવી છે પરંતુ માયાવતીના કેસમાં મામલો ખૂબ જ ગંભીર છે. ૧૬મી જુલાઈ ૨૦૦૩ના દિવસે સુપ્રીમ કોર્ટે અધિકારીઓ દ્વારા આચરવામાં આવેલી અનિયમિતતામાં તપાસ કરવા સીબીઆઈને કહ્યું હતું. છઠ્ઠી જુલાઈના ચુકાદામાં કોર્ટે ડીએ કેસમાં એફઆઈઆર દાખલ કરવાની સીબીઆઈની હિલચાલ સામે વાંધો ઉઠાવ્યો હતો. માયાવતીની અરજી પર સુનાવણી ચલાવતા વેળા કોર્ટે અહેવાલ આપવા સીબીઆઈને કહ્યું હતું.

## ૩૫૦ કિમીની રેન્જ ધરાવનાર ધનુષ મિસાઇલનું સફળ પરીક્ષણ

ભુવનેશ્વર, તા.૫

ઓરિસ્સામાં બંગાળના અખાતમાં નોકાસેનાના જહાજ પરથી પરમાણુ સક્ષમ બેલાસ્ટિક મિસાઈલ ધનુષનું આજે સવારે પરીક્ષણ કરવામાં આવ્યું હતું. પરીક્ષણ સંપૂર્ણપણે સફળ રહ્યું હતું. ઉપસ્થિત અધિકારીઓએ માહિતી આપતા કહ્યું છે કે આ મિસાઈલ ભારતી નોકાસૈનાની ટ્રેનીંગ કવાયતના ભાગરૂપે પુરી અને વિશાખાપટ્ટનમ વચ્ચે કોઈ જગ્યાએથી નોકાસૈનાના જહાજ પરથી છોડવામાં આવી હતી. સરંક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા ડીઆરડીઓના પ્રવક્તા રવિકુમાર ગુપ્તાએ માહિતી આપતા કહ્યું હતું કે પરીક્ષણ સંપૂર્ણપણે સફળ રહ્યું છે. ધનુષ પરમાણુ સક્ષમ બેલાસ્ટિક મિસાઈલ પૃથ્વીની નોકાસૈનાની આવૃત્તિ છે. આ મિસાઈલની રેન્જ ૩૫૦ કિલોમીટરની છે.

ધનુષ મિસાઈલ પૃથ્વીની નોકાસૈનાની આવૃત્તિ છે. તે બે તબક્કામાં



જહાજથી જમીન પર પ્રહાર કરવાની ક્ષમતા ધરાવે છે. આ મિસાઈલ ૧૦૦૦ કિલોગ્રામ વોરહેડ લઈને ૩૫૦ કિલોમીટર સુધી ત્રાટકી શકે છે. ધનુષ એક અતિ આધુનિક મિસાઈલના ભાગરૂપે છે. પૃથ્વીની સુધારવામાં આવેલી આવૃત્તિ પણ છે. ધનુષને સ્ટેબીલાઈઝ લોંચ પેડથી લોંચ કરવામાં આવે છે. આ મિસાઈલ જહાજને ફૂંકી મારવા અથવા તો દુશ્મનના બંદરને નષ્ટ કરવા માટે ઉપયોગ કરવામાં આવે છે. આ મિસાઈલનું પરીક્ષણ અનેક વખત જહાજ પરથી કરવામાં આવી ચૂક્યું છે. ભારતના શસ્ત્રાગારમાં પૃથ્વી-૩, પૃથ્વી-૨, પૃથ્વી-૧ મિસાઈલો છે.

આ ઉપરાંત ધનુષ મિસાઈલ પૃથ્વીની નેવલ વર્જન તરીકે અસરકારક છે. ધનુષ મિસાઈલનું નામ મૂળભૂત રીતે સંસ્કૃતના શબ્દ પરથી રાખવામાં આવ્યું છે. ૨૦૦૦થી આ મિસાઈલનું પરીક્ષણ કરાયું છે. ૨૦૦૪માં આઈએનએસ સુભદ્રાથી તેનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૨૦૦૫માં પણ પરીક્ષણ કરાયું હતું. તે વખતે આનુ પરીક્ષણ આઈએનએસ રાજપુત પરથી કરવામાં આવ્યું હતું.

## બિગ બી અને રેખા પોતપોતાના જન્મદિનની ઉજવણી સાથે કરશે

મુંબઈ, તા. ૫

ભારતીય ફિલ્મ જગત બોલીવુડમાં ચાલતી અટકળોને માનવામાં આવે તો મહાનાયક બિગ બી અને વિતેલા યુગની જાજરમાન અભિનેત્રી રેખા પોતપોતાના જન્મદિનની ઉજવણી સાથે કરશે. આગામી ૧૦મી ઓક્ટોબરે વિતેલા યુગની સૌથી સફળતમ જોડી તેમનો જન્મદિન સાથે મનાવે તેવી અટકળો બોલીવુડમાં હાલ તેજ બની છે. જો શક્ય બન્યું તો બોલીવુડના બંને દિગ્ગજ સ્ટારો ખુશીના પ્રસંગે એકબીજાને મળશે. જો આ શક્ય બનશે તો બોલીવુડની સૌથી યાદગાર અને અવિસ્મરણીય પાર્ટી બની રહેશે. બંનેના દર્શકો બંને વચ્ચેના ભૂતકાળના સંબંધો ફરી તાજા થાય તેવું માની શકે નહીં અને તે શક્ય પણ નથી. જો કે એક અગ્રણી સમાચાર સંસ્થાના અહેવાલ અનુસાર બોલીવુડમાં ૧૦મીના રોજ એક પાર્ટીનું આયોજન કરાયું છે. આ દિવસે રેખાનો જન્મદિન છે. જ્યારે તેમાં બીજા દિવસે એટલે કે ૧૧મી ઓક્ટોબરે બિગ-બીનો જન્મદિન છે. જન્મદિને બિગ બી પોતાના આવાસે પરંપરાગત પૂજા પરિવારના નજીકના મિત્રોની હાજરીમાં કરીને મનાવે છે. પરંતુ સૂત્રો પુષ્ટિ કરે છે કે ૧૦મી ઓક્ટોબરના રોજ યોજાનારી પાર્ટી અલગ જ હશે. દેશનાં પ્રસિદ્ધ ઉદ્યોગપતિ અનિલ અંબાણીના મુંબઈ સ્થિત સ્ટુડીયોમાં રેડ કાર્પેટનું આયોજન કરાયું છે. જેમાં બોલીવુડની મોટાથી માંડીને નાનામાં નાની હસ્તી હાજર રહેશે. આ પાર્ટીનું સમગ્ર સંચાલન નિર્દેશક કરણ જોહર સંભાળશે. ૧૦મી ઓક્ટોબરના રોજ રેખા ૫૮મું વર્ષ પૂર્ણ કરીને ૫૯ મા વર્ષમાં પ્રવેશ કરશે. જ્યારે તે મધરાત ૧૨ વાગ્યા પછી બિગ બી ૭૦મું વર્ષ પૂર્ણ કરીને પ્રવેશશે. આમ બંને જન્મદિનની ઉજવણીની પાર્ટીમાં સાથે હશે.

## હળવાશની ક્ષણોમાં ! (પાના નં. ૪ નું ચાલુ)

હમણાં તો વચનો સાંભળવાની અને થપાડો ખાવાની સીઝન ચાલે છે!

એક કહેવત છે કે 'થપ્પડ મારીને ગાલ લાલ રાખવા!' પરંતુ તેમાં તો જેણે ગાલ લાલ દેખાડવા હોય તેણે જાતે જ પોતાના ગાલ પર થપ્પડ મારવાની હોય! જ્યારે અહીં તો રાજકીય પક્ષો થપ્પડ મારી જાય છે! જોકે તેમાં થપ્પડ ખાનાર તો એમ જ વિચારે છે કે - 'હાશ, જાતે થપ્પડ મારવાની કડાકૂટમાંથી તો બચી ગયા! અને છતાં ગાલ તો લાલ થઇ જ ગયા ને!'

આને કહેવાય પોઝીટીવ એપ્રોચ કે જ્યારે ખાટી દ્રાક્ષ પણ મીઠી લાગે!

'કૌન બનેગા કરોડપતિ'માં હોટ સીટ પર બેસનારા મોટા ભાગના યુવાન-યુવતીઓ બિહાર, ઝારખંડ, યુ.પી. કે છત્તીસગઢ જેવા વિસ્તારમાંથી આવતા હોય છે. એકાદ-બે અપવાદ સિવાય આપણા લોકો કેમ ત્યાં પહોંચતા નથી? તેનો વિચાર અને ઉપાય કરવા જેવો છે, આપણી આવી દશા માટો જવાબદાર છે. Poor English અને Poor General Knowledge. તે બંને ખામીઓ દૂર કરવા માટેની દિશામાં ગુજરાત સરકાર દ્વારા તો પ્રયાસો થઇ જ રહ્યાં છે પરંતુ જો તેમાં લોકોનો પણ સારો પ્રતિસાદ મળે તો દશા અને દિશા બને જલ્દીથી બદલાઇ શકે! અને ત્યારે ગુજરાતનો યુવાન કે યુવતી અમિતાભની સામે હોટ સીટ પર બેસી બિહારના સુશીલકુમારની જેમ જ પાંચ કરોડ જીતી માથા પર ઠંડુ પાણી નાખતાં થઇ જાય!

હોટ સીટ પર બેસી સાથે ઠંડુ પાણી!

કેવો સરસ વિરોધાભાસ!

સુશીલકુમાર બિહારનાં મોતીહારીનો છે ત્યારે ચંપારણ જિલ્લાના મોતિહારી ગામને ટીવી પર જોવા મળેલ. વળી આ એ જ મોતિહારી છે જે ગાંધીજીના જીવનના એક પ્રસંગ સાથે પણ જોડાયેલું છે. મહાત્માજી ૧૯૧૭માં ત્યાંના ખેડૂતોના ગળીના ખેતરોના પ્રશ્ન અંગે ત્યાં ગયેલા ત્યારે ત્યાંના રસ્તાઓની હાલત એવી હતી કે ગાંધીજીને હાથી પર સવારી કરવી પડી હતી! હાલ ટીવી પર દેખાડેલ મોતિહારીના રસ્તાઓની હાલત પણ ગાંધીજીના સમય ના રસ્તાઓ જેવી જ લાગી! ગાંધીજીના સમયના રસ્તાઓ અને સુશીલકુમારના સમયના રસ્તાઓમાં કોઇ બદલાવ નથી!

આને કહેવાય અન્યાય!

બિહારના રસ્તાઓનો હળહળતો અન્યાય!

લાલુપ્રસાદ યાદવ જયારે બિહારના CM હતા ત્યારે તેમણે જાહેર કરેલું કે 'હું બિહારના રસ્તાઓને હેમામાલિનીના ગાલ જેવા બનાવી દઇશ!' આજે વર્ષો પછી પણ બિહારના રસ્તાઓ કે હેમામાલિનીના ગાલમાં કોઇ ફર્ક પડ્યો નથી! બંને એવા ને એવાં જ છે! બિહારના રસ્તા વિશે ચોક્કસપણે કહી શકાય બાકી હેમામાલિનીના ગાલ વિષે તો ધર્મેન્દ્રને જ વધારે ખ્યાલ હોય!

મહાત્મા મંદિરના પૂર્ણ થવાની સાથે તેમજ મેટ્રો રેલના ત્યાં આગમન થવાની સાથે 'ખ' અને 'ક' માર્ગોની રીયાલીટી માર્કેટમાં જબ્બર ઉછાળો આવવાની પુરેપુરી શક્યતા છે! ત્યારે 'ક-રોડ' ફ્લેટ ધારકો જરૂર કરોડપતિ બની જશે અમિતાભ બચ્ચની હોટ સીટ પર બેઠા વગર જ!

વળી યોગાનુયોગ મહાત્મા મંદિર પાસે 'ખ' માર્ગ પર 'ગાંધીનગર કેપીટલ' રેલ્વે સ્ટેશન પણ આવેલ છે. મમતા બેનર્જી જયારે રેલ્વે મિનિસ્ટર હતા ત્યારે અબજો રૂપિયાના પ્રોજેક્ટ્સ તેમજ અસંખ્ય નવી ટ્રેઇનો પોતાના સ્ટેટમાં લઇ ગયા હતા. લાલુપ્રસાદ યાદવ અને નીતિશકુમાર જયારે રેલ્વે મિનિસ્ટર હતા ત્યારે તેમણે પણ મોટા પ્રોજેક્ટ્સ અને અસંખ્ય ટ્રેઇનોની ભેટ બિહારને આપી હતી.

અત્યારે રાજ્યકક્ષાના રેલ્વે મિનિસ્ટર જયારે ગુજરાતના અને વળી ગાંધીનગરના જ છે ત્યારે અબજો રૂપિયાના પ્રોજેક્ટ્સ ભલે ગુજરાતમાં ન લાવી શકે પરંતુ ગાંધીનગરથી જ સ્ટાર્ટ થતી અને ટર્મીનેટ થતી ટ્રેઇનો તો જરૂર શરૂ કરાવી શકે. ગાંધીનગરથી જો પોરબંદર, ગાંધીધામ, મુંબઇ, કોલકત્તા અને ચેન્નાઇથી ટ્રેનોને 'મહાત્મા એક્સપ્રેસ ' નામ આપી શરૂ કરાવી શકાય તો ગાંધીનગર વસાહય મંડળ દ્વારા લખાયેલા હજારો પત્રોની મહેનત લેખે લાગે!

તે માટે આ લેખ દ્વારા પ્રધાનશ્રીને જાહેર વિનંતી છે.

તે ઉપરાંત ચૂંટણી પહેલાં ગાંધીનગરના મતદારોને એક આપવા જેવું વચન આ રહ્યું '૩૦મી જાન્યુઆરી ૨૦૧૩થી ગાંધીનગર - નવી દિલ્હી વચ્ચે એક નવી ટ્રેઇન શરૂ કરવામાં આવશે.' જેનું નામ હશે - 'હે રામ! એક્સપ્રેસ.'